ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૫૫ ટકા

# શહેરમાં રંગબેરંગી પતંગ દોરીનું આગમન

## ૫૦૦૦ વારની ફીરકીનો ભાવ ૨૦૦ રૂ. અને ૨૫૦૦ રૂ.માં મળતા પતંગના બંડલ મળશે ૪૦૦૦ રૂ.માં

ગાંધીનગર, તા.૧૭

ઉત્તરાયણના તહેવારને હવે એક મહિનાનો સમય બાકી છે ત્યારે રંગબેરંગી દોરીમાંથી ફીરકીઓ બનાવવાનું શરુ થઈ ગયું છે. દર વર્ષની માફક આ વર્ષે પણ પતંગ દોરીના ભાવમાં વધારો થયો છે. ગયા વર્ષે પતંગદોરીનો ભાવ ૧૫૦ રૂપિયા હતો જે આ વર્ષે ૨૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. ૫૦૦૦ વારની ફીરકીનો ભાવ આ વર્ષે ૨૦૦ રૂપિયા છે. આ વર્ષે પતંગ દોરીમાં મોંઘવારીનો માર જોવા મળી રહ્યો છે. આ સાથે જ પતંગના ભાવમાં ઉછાળો નોંધાયો છે. ૧ કોડી પતંગનો ભાવ ગયા વર્ષે ૬૦ રૂપિયા હતો જે આ વર્ષે વધીને ૧૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે.

શહેરમાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે બજારો ભરાયા નથી. આગામી દિવસોમાં વેપારીઓને મંજૂરી મળ્યા બાદ પતંગ બજારો ભરાશે. ત્યારે શહેરમાં ગઈ કાલે એક સ્થળે પતંગ દોરી બનાવવાની શરૂઆત કરવામાં આવી છે. 'જય અંબે વિજય ફેમસ દોરીવાલા'ના પતંગો અને દોરીઓ શહેભરમાં ફેમસ ગણાય છે. પતંગ દોરી બનાવવામાં માહીર કલાકારો દ્વારા એક જ દિવસમાં ૭૦ જેટલી ફીરકીઓ બનાવવામાં આવી રહી છે. જેમાં રંગબેરંગી ગુલાબી, નારંગી, પીળી, સફેદ, કાળી, આછા ગુલાબી રંગની દોરીઓ બનાવવામાં આવી રહી છે. કાચા દોરામાંથી પાકો દોરો બનાવવા માટે તેમાં સાબુદાણા, ફેવિકોલ, કાંચ, સરસ અને કલર મિકસ કરીને રંગબેરંગી ફીરકીઓ બનાવે છે. એક ફિરકી જે ૫૦૦૦ વારની હોય છે તે બનાવવા ૧૫ મિનિટ જેટલો સમય લાગે છે અને આ ફીરકીને સૂકાતા ૧ કલાક જેટલો સમય લાગે છે એટલે કે એક ફીરકી તૈયાર થતા ૧ કલાક જેટલો સમય લાગી જાય છે. ફીરકી બનાવતા વેપારીઓના હાથમાં કાચ વાગવાથી ઈજાઓ પણ પહોંચે છે તેમ છતાં ઉત્સાહપૂર્વક આ વેપારીઓ પતંગની દોરીઓ બનાવી રહ્યા છે.






ઉત્તરાયણ પર્વમાં પતંગની દોરીઓ અને પતંગ માટે ટંકશાળ વધારે પ્રખ્યાત ગણાય છે. ઉપરાંત કલોલ, ખંભાત, રાંધેજાના પતંગ બજારોમાં પણ ભીડ જોવા મળતી હોય છે. ગાંધીનગરમાં સેકટર-૨૧માં, સેકટર-૧૧માં ઉત્તરાયણના પતંગ-દોરી બજારો ઉભરાય છે. આ વર્ષે મંજૂરી મળ્યા બાદ પતંગ બજારો બનાવવામાં આવશે હજી સુધી માર્કેટમાં ઉત્તરાયણની રોનક છવાતા અડધો મહિના લાગશે તેવું વાતાવરણ છે.

આ સાલ ૨૫૦૦ રૂપિયાના પતંગના બંડલોનો ભાવ ૪૦૦૦ રૂપિયાએ પહોંચ્યો છે. એક વેપારીના જણાવ્યા મુજબ પતંગોના ભાવમાં ઉછાળો આ વર્ષે જોવા મળશે. ગત વર્ષે કોરોના મહામારીના કારણે પતંગના વેપારીઓએ ઓછો માલ બનાવ્યો હતો તે ઉપરાંત પતંગની ખરીદી ન થતાં પતંગોને ગોડાઉનમાં મુકાયા હતા. આ વર્ષે કોરોનાના કેસો ધીમે ધીમે વધી રહ્યા છે. સરકારની મંજૂરી મળ્યા બાદ વેપારીઓને સ્ટોલ ખોલવાની મંજૂરી મળશે. જો કે વેપારીઓ એ અત્યારથી જ સ્ટોક રોકાણ કરી મુકયો છે. હોલસેલ માર્કેટમાં ખરીદીનો માહોલ છે. વાઈબ્રન્ટ બાદ ઉત્તરાયણની ખરીદીનો માહોલ જામશે તેવું વેપારીઓનું કહેવું હતું તથા આ વર્ષે શહેરીજનો ઉત્સાહપૂર્વક મકરસંક્રાંતિની ઉજવણી કરવાની ઈચ્છા વ્યકત કરી રહ્યા છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને K.E.M. હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર-પુણે વચ્ચે એમ.ઓ.યુ.

ગાંધીનગર, તા.૧૭

વર્તમાન સમાજની સળગતી સમસ્યાનું સમાધાન શોધવા સારુ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર અને કિંગ એડવર્ડ મેમોરિયલ (K.E.M.) હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર પુણે વચ્ચે એમ.ઓ.યુ. થયા. આ અંતર્ગત બંને નામાંકિત સંસ્થાઓના વડાએ ઝૂમ ઓનલાઈન મિટિંગના માધ્યમથી આ સમસ્યાનું નિવારણ શોધવા માટેની પ્રવૃત્તિઓનું ઘડી કાઢવા માટે ચર્ચા-વિચારણા કરી હતી. આ એમ.ઓ.યુ.ના કેન્દ્રસ્થાને સમાજનાં બાળકો હતાં. આજે સમાજમાં બાળકોની જાતીય હિંસાની ઘટનાઓ અવારનવાર બનતી રહે છે ત્યારે આ બંને સંસ્થાઓ વચ્ચે 'બાળકોની જાતીય હિંસાનું પ્રાથમિક નિવારણ' સંદર્ભે સામાજિક સંશોધન, પ્રશિક્ષણ, જન-જાગૃતિના કાર્યક્રમો કરવા તથા બાળકોના માનસિક સ્વાસ્થ્ય સંદર્ભે વિષદ ચર્ચા થઈ હતી. તંદુરસ્ત સમાજના નિર્માણમાં અંતરાયરૂપ એવી આ સમસ્યાનું સમાધાન શોધવાના આ યશસ્વી પ્રયાસના પ્રકલ્પમાં K.E.M. હોસ્પિટલના ડાઈરેક્ટર ડૉ. લૈલા ગાર્ડે, મનોચિકિત્સક ડૉ. વાસુદેવ પારલીકર, મનોચિકિત્સક ડૉ. સુચિતા અગ્રવાલ તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મા. કુલપતિ શ્રી હર્ષદ શાહ, મનોવિજ્ઞાન વિભાગના ડાઈરેક્ટર પ્રો. બી ડી. ઢીલા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના હેતુઓ અને દર્શનના સંદર્ભે બાળકોના પંચકોષાત્મક વિકાસ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સમાજકાર્ય વિભાગના અધ્યાપક ડૉ. નરેન્દ્ર વસાવાએ કર્યું હતું.

## બેંકોની હડતાલના પગલે આર્થિક વ્યવહારો ખોરવાયા




ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં છેલ્લાં બે દિવસથી બેંકોની હડતાલના પગલે ગ્રાહકોના નાંણાકીય વ્યવહારો ખોરવાયા હતા. બેંક કર્મચારીઓની હડતાળના પગલે કેટલીક જગ્યાએ એટીએમ મશીનમાં રોકડ ખૂટી જવાના કિસ્સા પણ સામે આવ્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલું બૅક્કિંગ ફાયદા (સુધારા) બિલ પાછું ખેંચવાની માંગ સાથે દેશભરના બેંક કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા છે. આ કારણે ગાંધીનગરના રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ પણ હડતાળ પર ઉતરી જવા પામ્યા હતા અને તેમણે સે.૧૬ ખાતે એકત્ર થઈને સૂત્રોચ્ચાર કરી દેખાવો યોજયાં હતાં. બેંક કર્મચારીઓ તેમના હાથમાં વિવિધ સુત્રો લખેલા પ્લેકાર્ડ, બેનર્સ પણ પ્રદર્શિત કર્યા હતા. બીજી તરફ પ્રાપ્ત માહિતી અનુસાર બે દિવસની બેકીંગ હડતાલના પગલે ગ્રાહકોના નાણાકીય વ્યવહારો ખૂલ્યા હતા અને ચેક ક્લિયરિંગ પર પણ અસર થવા પામી હતી. કેટલીક બેક્નના એટીએમ કેન્દ્રો પર કેશ લઈ જતી વાન પહોંચી ન શકવાને કારણે એટીએમ કેન્દ્રોમાં રોકડ ખૂટી ગઇ હોવાથી 'નો કેશ' ના પાટિયાં ઝુલ્યાં હતાં અને ગ્રાહકોને કેશ મેળવવા માટે આ એટીએમથી પેલા એટીએમ સુધી ભટકવાનો વારો આવ્યો હતો.

## સપ્તદેવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૩ ખાતે ૨૦મીથી કથા આરંભાશે

ગાંધીનગર, તા.૧૭

કોરોના કાળ દરમિયાન પ્રભુધામમાં સિધાવેલ દિવંગત આત્માઓને શાંતિ મળે અને તેમના મોક્ષાર્થે કથાનું આયોજન કરેલ છે. જે શકિતચોક અંબાજી મંદિર, સે-૩-સી ખાતે ૨૦ થી ૨૬ સુધી બપોરના ૧ કલાકથી સાંજના ૫ કલાક સુધી આયોજન કરેલ છે. કથા સ્થળે દિવંગત સ્નેહીજનોની તસ્વીર મુકવાનું આયોજન છે. કથારસનું પાન ચંદ્રાલા નિવાસી કીર્તિદાસ બાપુ (રામાયણી) કરાવશે. શહેરની ધર્મપ્રેમી જનતાને કથારસનું પાન કરવા માટેસપ્તદેવ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ભાવભીનું આમંત્રણ છે.

## પ્રતાપસિંહજી વિદ્યાલયના સ્કાઉટના વિદ્યાર્થીઓની જવલંત સફળતા




ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘનો રાજયપાલ પુરસ્કાર એવોર્ડની પરીક્ષાની પૂર્વ તૈયારી કઈ રીતે કરવી તે શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતો યોજાઈ હતી. સ્કાઉટ કમિશનર યુવરાજસિંહ વાઘેલાના જણાવ્યા મુજબ ગુરુવારે ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘનો રાજયપાલ પુરસ્કાર એવોર્ડની પરીક્ષા ચારે તાલુકાની શ્રી પ્રતાપસિંહજી હિદી વિદ્યાલય ખાતે યોજાઈ હતી. તેમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં પ્રથમ, દ્વિતિય, તૃતીય સોપાનનું રિવિઝન કરાવ્યું હતું તેમજ રાજયપાલ પુરસ્કારની પ્રેકિટકલની તૈયારીઓ પણ કરાવી હતી.

## સિદ્ધાર્થ લો કોલેજ દ્વારા કાનુની જાગૃતિ શિબિર યોજાઈ




ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેક્ટર-૧૬ ખાતેની સિદ્ધાર્થ લો કોલેજ દ્વારા અમદાવાદની નિરમા યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે 'હાઉ ટુ પુટઅપ ડિફેન્સ ઈન ક્રિમિનલ ટ્રાયલ' વિશે તા. ૧૭મી ડિસેમ્બરે કાનૂની જાગરૂકતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નિવૃત્ત ડિસ્ટ્રીક્ટ જજ ડી. એલ. પટેલ અને સિદ્ધાર્થ લો કોલેજના આચાર્ય ડૉ. દિલીપ મેવાડા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નિરમા યુનિવર્સિટીના પ્રાધ્યાપક દેવાંગ ક્ષત્રપતિ સહિત સિદ્ધાર્થ લો કોલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## બેતાલીસ ગામ વણકર સમાજનો ૧૯મીએ જીવનસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા.૧૭

શ્રી ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ(પાંચ ગોળ) વણકર સમાજ, ગાંધીનગર દ્વારા વણકર જ્ઞાતિના તમામ ગોળ/પરગણાના યુવક-યુવતીઓને તેમના જીવન શૈલી, જીવનધોરણ અને શૈક્ષણિક લાયકાતને અનુરૂપ પોતાના જીવનસાથી મળી રહે તેવા શુભ આશય અને ઉમદા હેતુથી તૃતીય જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જે ૧૯મીના રોજ સવારે ૯-૦૦ કલાકથી કોમ્યુનિટી હોલ(લગ્નવાડી), સેક્ટર-૭, ગાંધીનગર ખાતે યોજાશે. આ પસંદગી મેળામાં વણકર સમાજના યુવક-યુવતીઓ વધુ સંખ્યામાં ભાગ લઈ આ સામાજિક કાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્નશીલ કરી રહ્યા છે. આ જીવનસાથી પસંદગી મેળામાં લગ્ન/પુનર્લગ્ન/શારીરિક વિકલાંગતા ધરાવતા તથા વિધુર/વિધવા પણ પોતાની ઉમેદવારી નોંધાવી ભાગ લઈ રહ્યા છે. આ પ્રસંગે સર્વે સમાજના સભ્યોને આર.કે. પરમાર (પ્રમુખ), એ.આર. ચૌહાણ (ઉપપ્રમુખ), ડૉ. એ.એસ.સોલંકી (મહામંત્રી)એ ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ આપ્યું છે.

## સમ્યક વુમન્સ કલબ દ્વારા વસાણા સ્પર્ધા યોજાઈ



સમ્યક વુમન્સ ક્લબ દ્વારા વસાણાં સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૧૯ સ્પર્ધકો ૩૫ વર્ષ થી લઈને ૭૫ વર્ષના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેઓએ અલગ અલગ વસાણાં બનાવ્યા હતા. ગુજરાતીઓ શીયાળાની ઠંડીમાં વસાણાં તો અચુક ખાય. વસાણાં ખાવાથી શરીરમાં ઉર્જા જળવાઈ રહે છે અને ઠંડી સામે રક્ષણ આપે છે આવા સમયે સમ્યક વુમન્સ ક્લબ દ્વારા વસાણાં સ્પર્ધા યોજવામાં આવી હતી. ગ્રુપના પ્રમુખ રાખીબેન શાહ જણાવ્યું હતું કે આ ગ્રુપ ૨૦૦૭ થી ચાલે છે અને ગ્રુપ દ્વારા હેલ્પીગ હેન્ડ, ઈનોવેટીવ પ્રોગ્રામ, સોશીયલ એકટીવીટી કરવામાં આવે છે શીયાળાની શરૂઆત થતાં જ વસાણાં સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં દરેક સ્પર્ધકે ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધકને દર્શુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રીટર્ન ગીફટ આપવામાં આવી હતી. આ પ્રસંગે આરજે નીમીષા દ્વારા દરેક સ્પર્ધકનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.

## સરકારી વાણિજય કોલેજ ખાતે કેમ્પસ ડ્રાઈવ દ્વારા ઈન્ટરવ્યૂ યોજાયા



ગાંધીનગર, તા.૧૭

સરકારી વાણિજ્ય કોલેજ સેક્ટર ૧૫ ગાંધીનગર ખાતે કેમ્પસ ડ્રાઈવ દ્વારા ઈન્ટરવ્યૂનું આયોજન રાખેલ હતું. જેમાં એચડીએફસી સેલ્સ પ્રાઈવેટ લિમિટેડ અને ટેક્ષ ટેક ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ નામની બે કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. જેમાં ટીવાય બીકોમ સેમેસ્ટર ૬ તેમજ એમ.કોમ સેમેસ્ટર ૧ અને ૪ ના વિદ્યાર્થીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મળીને કુલ ૧૧૧ વિદ્યાર્થીઓએ આ ઈન્ટરવ્યુમાં ભાગ લીધો હતો. જેમાં એચડીએફસી પ્રાઈવેટ લિમિટેડ માં ૬ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. તેમજ ૨૦ વિદ્યાર્થીઓ બીજા રાઉન્ડ માટે પસંદગી પામ્યા છે. ટેક્સ ટેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડમાં કુલ ૧૦ વિદ્યાર્થીઓ બીજા રાઉન્ડ માટે પસંદગી પામ્યા છે. સમગ્ર કેમ્પસ ડ્રાઈવનું આયોજન ડૉ. એસ એમ ભાદાણી, ડૉ. પારુલ દવે અને ડૉ. ધવલ નકુમ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ કોલેજના આચાર્યશ્રી ડૉ.એ.એન. સુતરીયા એ કેમ્પસ ડ્રાઈવ અંગે માર્ગદર્શન પુરું પાડ્યું હતું તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## સિવિલ હોસ્પિટલના મુખ્ય પ્રવેશદ્વારે તુટેલી પાઈપોથી મુલાકાતીઓને હાલાકી



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના જુના મુખ્ય પ્રવેશદ્વારે પર એન્ટ્રીની જગ્યાએ લગાડેલી કેટલ ટ્રેપની પાઈપો તૂટી જવા પામી છે જેના કારણે ટુ વ્હીલર ચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. આ કેટલ ટ્રેપની તૂટેલી પાઈપો રાહદારીને પગમાં પણ વાગી જાય તે રીતે જોવા મળી રહી છે.

કોઈપણ મોટા સંકુલમાં રખડતા ઢોરો પશુઓને પ્રવેશતા અટકાવવા માટે પ્રવેશદ્વારે કેટલ ટ્રેપ લગાડાતી હોય છે જે લોખંડની પાઈપોથી બનેલી હોય છે અને આ પાઈપોમાં પશુનો પગ ફસાઈ જવાની શક્યતા હોવાને કારણે પશુઓ સંકુલમાં પ્રવેશતા નથી. દિવસ દરમિયાન અસંખ્ય મુલાકાતીઓ સિવિલ હોસ્પિટલની મુલાકાત લે છે, જેમાં દર્દીઓ તથા દર્દીઓના સગા-સંબંધીઓ ઉપરાંત અન્ય કારણોસર સિવિલ હોસ્પિટલમાં આવતા મુલાકાતીઓનો સમાવેશ થાય છે. જોકે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના પથિકાશ્રમ હોટેલની સામેવાળા જૂના મુખ્ય પ્રવેશદ્વારે કેટલ ટ્રેપ પર લગાડવામાં આવી છે જેની કેટલીક પાઈપો તૂટી જવા પામી છે. આ તૂટેલી પાઈપોના કારણે સિવિલ હોસ્પિટલ હોસ્પિટલમાં પ્રવેશતાં ખાસ કરીને ટુ વ્હીલર ચાલકોને ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. પગપાળા પ્રવેશતા રાહદારીઓને પણ કેટલ ટ્રેપ ક્રૉસ કરવામાં તકલીફ પડી રહી છે કારણ કે તેની તુટેલી પાઈપોના કારણે વધી ગયેલી ગેપમાં પગ ફસાઈ જવાની અથવા તો તૂટેલી પાઈપોનું ખૂણા વાગવાની ભીતી રહેલી છે.

## કોગ્નિટિવ સાયન્સ અંગે આઈઆઈટી ગાંધીનગરની ઑનલાઇન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગરની ક્યુરિયોસિટી લેબ અને સેન્ટર ફોર કોગ્નિટિવ એન્ડ બ્રેઈન સાયન્સ બાળકો, શિક્ષકો અને માતા-પિતાને જ્ઞાનાત્મક વિજ્ઞાન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ન્યુરોસાયન્સનો પરિચય કરાવવા માટે એક ઑનલાઇન શિબિરનું આયોજન કરી રહ્યાં છે.

શિક્ષકો, વાલીઓ અને શિક્ષણના વિદ્વાનો ઉપરાંત ધોરણ ૮ થી ૧૨ ના શાળાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને, 'Camp CogSci' નો ઉદ્દેશ્ય શિક્ષણ દરમિયાન ઉત્તોજના, જિજ્ઞાસા અને આનંદ પેદા કરવાનો છે. સત્રોનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને જ્ઞાનાત્મક વિજ્ઞાનના ક્ષેત્રમાં આજે અસ્તિત્વમાં રહેલી વ્યાવસાયિક અને શૈક્ષણિક શક્યતાઓ સાથે પરિચય કરાવવાનો છે. 'Camp CogSci' ૭મી થી ૯મી જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન યોજાશે. રસ ધરાવતા ઉમેદવારો આઈઆઈટી ગાંધીનગરે જાહેર કરેલી લિંકનો ઉપયોગ કરીને નોંધણી કરાવી શકે છે.

## જન્મદિને વધામણી



દીપકભાઈ ભટ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૭૧૨૯ ૮૫૨૯૯



ડો. વિષ્ણુભાઈ પટેલ
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૧૯૮૩૮૧



અશ્વિનકુમાર
ગોવિંદલાલ પારેખ
મો. ૯૮૨૫૪ ૩૧૯૧૮



મીત ગજ્જર
મેન્ટલ એરેથમેટિક એવોર્ડી
મો. ૯૮૨૫૪ ૩૧૯૧૮



વિવેક રાવલ



બળદેવભાઈ
ગોરધનદાસ પટેલ
મો.૯૯૭૯૮ ૨૫૫૧૪



આરોહી એમ પટેલ
મો.૯૯૨૫૨ ૭૯૫૫૫

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ખીચડી શાકનું વિતરણ

ગાંધીનગર, તા.૧૭

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દર રવિવારે ખીચડી શાક વિતરણ કરવામાં આવે છે. છાત્રેશ્વરીમાં છેલ્લા ૨ વર્ષથી દર રવિવારે ૩૫થી વધારે લાભાર્થી માટે વિના મૂલ્યે ખીચડી શાક આપવામાં આવે છે. ખીચડી શાક ઉપરાંત બધાને નાસ્તો પણ આપવામાં આવે છે. શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શાળાઓમા જઈને આ સેવાકાર્ય કરવામાં આવે છે અને શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સમગ્ર સંચાલન કરવામાં આવે છે.